# <u>વર્ષ ૨૦૨૩ આચાર્ય ભરતી</u>

## <u>FAQ</u>

1. **ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક અને ઉચ્ચત્તર આચાર્યોની અરજી કરવા માટે કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે ? તે અન્વયે કેવુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહે ?**
   - ✓ હા, કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે . જે ઉમેદવારો ધોરણ – ૧૦/ધોરણ –૧૨/ શૈક્ષણિક કે વ્યવસાયિક સ્નાતક/અનુ સ્નાતકની કક્ષાએ કમ્પ્યુટર એક વિષય તરીકે પાસ કરેલ હોય તો અલગથી પ્રમાણપત્રની જરૂર નથી. અન્યથા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ મુજબ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહે, ઠરાવ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
2. **Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે કે ગેઝેટેડ ઓફિસર પાસે અટેસ્ટેડ કરાવવી પડશે?**
   - ✓ હા, Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે તેમજ ગેઝેટેડ ઓફિસર પાસે કરાયેલ પ્રમાણિત નકલ પણ ચાલશે.
3. **તમામ લાયકાતો માટે માર્કશીટ, ટ્રાયલ સર્ટી અને ડીગ્રી પ્રમાણપત્ર અસલમાં રજુ કરવા ફરજીયાત છે ?**
   - ✓ હા, અરજી સ્વીકાર કેન્દ્ર પર અરજીની ચકાસણી અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ તમામ લાયકાતો અને અનુભવ સબંધિત ગુણપત્રકો/પ્રમાણપત્રકો/ટ્રાયલ સર્ટી ફરજિયાત અસલમાં રજુ કરવાના રહેશે.
4. **CGPA/SGPA/CPI/GRADE ને ટકા/ગુણ માં કેવી રીતે ફેરવાશે?**
   - ✓ જો ઉમેદવારના ગુણપત્રકમાં મેળવેલ ગુણ કુલ ગુણ દર્શાવેલ હોય તે અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે. ટકા દર્શાવ્યા હોય તો તેને ગુણમાં રૂપાંતરીત કરી દર્શાવવાના રહેશે દા.ત. ૫૮.૫ ટકા હોય તો મેળવેલ ગુણ ૫૮૫ અને કુલ ગુણ ૧૦૦૦ પરંતુ જો આ બંનેમાંથી કાંઇ દર્શાવેલ ન હોય તો સંબંધિત યુનિવર્સિટી અથવા કોલેજ પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબ અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે.
5. **ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી લાયકાત મેળવેલ હોય તો માન્ય ગણાય ?**
   - ✓ ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી મેળવેલ લાયકાત અન્વયે નિમણુક સત્તાધિકારીની પુર્વ મંજુરી આવશ્યક છે.તેમજ,રાજ્ય બહારની ઓપન યુનિવર્સીટીની અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઈ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય તથા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય ગણાશે.
6. **ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ફોર્મ માં પાછળથી વિગત સુધારવા શુ કરી શકાય ?**
   - ✓ ઉમેદવારો ઓનલાઇન અરજી ફી ભરી ફાઇનલ સબમિટ નહી આપે ત્યાં સુધી પોતાની અરજીની વિગતો edit કરી શકશે. ઓનલાઇન અરજી ફી ભરી ફાઇનલ સબમિટ આપ્યા બાદ ઉમેદવાર અરજીમાં કોઈ સુધારા-વધારા કરી શકશે નહિં. તેની ખાસ નોંધ લેવી. તેમજ આ અંગે કોઈ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
7. **ફસ્ટ ક્લાસ / સેકન્ડ ક્લાસ/ પાસ ક્લાસ સુધી પહોંચાડવા જે તે યુનિવર્સિટી દ્વારા અપાયેલ ગ્રેસિંગના માર્ક્સ ગણવા કે કેમ?**
   - ✓ ઉમેદવારે મેળવેલ ગુણ જ ધ્યાને લેવાના રહે. ગ્રેસિંગથી વધારાના અપાયેલ ગુણ ગણવા નહિં.

**8. ઓનલાઈન અરજી ફોર્મમાં અનુભવ ક્યાં સુધીનો દર્શાવવાનો રહેશે.**

✓ આચાર્ય ભરતી પ્રક્રીયાની જાહેરાતની તારીખ તા.૧૦/૦૫/૨૩ સુધીનો અનુભવ ગણવો.

**9. શૈક્ષણિક કે વ્યવસાયિક લાયકાતમાં ૦૨ કે તેથી વધુ પ્રયત્નો હોય તો ગુણાંકન કેવી રીતે ગણી શકાય?**

✓ ઉમેદવારો દ્વારા આપેલ તમામ પ્રયત્નોના કુલ ગુણ તથા તમામ પ્રયત્નોમાં મેળવેલા ગુણનો સરવાળો કરવો અને તે તમામ પ્રયત્નોના મેળવેલા ગુણ અને તમામ પ્રયત્નના કુલ ગુણના આધારે ટકાવારી કરવાની રહે.

**10. જો લોગ-ઇન થવા માટે અગાઉ Set કરેલ પાસવર્ડ ભુલાઇ ગયેલ હોય તો લોગ-ઇન કેવી રીતે થવાય ?**

✓ જો આપ અગાઉ Set કરેલ પાસવર્ડ ભૂલી ગયા હોવ તો લોગ-ઇન ચેકબોક્સની નીચે આપેલ Forgot Password? Click Here To Reset Password. પર ક્લીક કરતા આપના ઓનલાઇન અરજી ફોર્મમાં રજીસ્ટર્ડ –મુમ-કરેલ મોબાઇલ નંબર પર OTP આવશે આ OTP ની મદદથી પાસવર્ડ Reset કરી લોગ-ઇન થઇ શકાશે.

**11. ઉમેદવારે પોતાના ગુણ ભરવામાં ભુલ થયેલ હોય તો તેમા સુધારો થઈ શકશે?**

✓ હા, ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે આપ તમારા જે ગુણપત્રકો/પ્રમાણપત્રકો રજુ કરશો તેના આધારે જે ખરેખર ગુણાંકન હશે તે જ ધ્યાને લેવામાં આવશે.

**12. આચાર્ય ભરતી માટે ઉપલી વય મર્યાદા છે કે કેમ?**

✓ ના , આચાર્યની જગ્યા માટે કોઈ ઉપલી વય મર્યાદા નથી.

**13. ફક્ત BPE કે MPE ની લાયકાત મેળવી વ્યાયામ શિક્ષક તરીકે નિયમિત નિમણૂંક મેળવી ગ્રાન્ટેડ શાળામાં ફરજ બજાવનાર ઉમેદવાર આચાર્ય તરીકે નિમણૂંકને પાત્ર ઠરશે કે કેમ?**

✓ ના, ઉમેદવાર ફક્ત BPE કે MPE ની લાયકાત ધરાવતો હોઈ આ લાયકાત ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ માં આચાર્ય નિમણૂંક માટે નિયત થયેલ ૨૦ (૧) ની જોગવાઈ સાથે સુસંગત ન હોઇ આવા ઉમેદવારો આચાર્ય નિમણૂંક માટે પાત્ર ઠરશે નહિં.

**14. આચાર્ય ભરતી પ્રક્રીયામાં આનામતની જોગવાઈ લાગુ પડશે કે કેમ?**

✓ ના, સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પવસ- ૧૦૯૬-મુમ-૧૩/ગ-૪ તા.૧૬/૧૨/૨૦૦૪ની જોગવાઈ અનુસાર શાળામાં આચાર્યની જગ્યા એકાંકી હોવાથી અનામતના ધારા ધોરણો લાગુ પાડવાના રહેતાં નથી.

**15. ઉમેદવારે આચાર્ય માટેની અભિરૂચિ કસોટી વર્ષ-૨૦૧૭ અને વર્ષ-૨૦૨૨ બંનેમાં ઉત્તિર્ણ થયેલા હોય તો શું બંને પ્રમાણપત્રોના આધારે ઉમેદવાર અલગ-અલગ અરજી કરી શકશે કે કેમ?**

✓ ના, જે ઉમેદવારે આચાર્ય માટેની બંને અભિરૂચિ કસોટી વર્ષ-૨૦૧૭ અને વર્ષ-૨૦૨૨માં ઉત્તિર્ણ કરેલ હોય તો ઉમેદવારે ઇચ્છે તે કોઇ પણ એક જ પ્રમાણપત્ર પર અરજી કરી શકશે. જો એક જ ઉમેદવાર દ્વારા બે અરજી કરવામાં આવશે તો ઉમેદવારની બંને અરજી રદ કરવામાં આવશે તથા ઉમેદવાર પર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

16. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) માં શૈક્ષણિક સ્નાતકની લાયકાતમાં અન્ય કઈ સ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?

✓ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) મુજબ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં માન્ય યુનિવર્સિટી દ્વારા સ્નાતકની પદવી મેળવેલ હોય તે માન્ય ગણવી.

17. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) માં શૈક્ષણિક અનુસ્નાતકની લાયકાતમાં અન્ય અનુ સ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?
    - ✓ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) મુજબ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં માન્ય યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતકની પદવી મેળવેલ હોય તે માન્ય ગણવી.
18. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) માં વ્યવસાયિક સ્નાતકની લાયકાતમાં અન્ય વ્યવસાયિક સ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?
    - ✓ વ્યવસાયિક સ્નાતકની લાયકાતમાં માન્ય યુનિવર્સિટી દ્વારા B.ED., D.B.ED., G.B.T.C., B.P.ED., D.P.ED., શિક્ષા વિશારદ, શિક્ષાશાસ્ત્રી ડીગ્રી ગણી શકાય.
19. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની કલમ ૨૦ (૧) માં વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાતમાં અન્ય વ્યવસાયિક અનુસ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી?
    - ✓ વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાતમાં માન્ય યુનિવર્સિટી દ્વારા M.ED., M.P.ED., શિક્ષા પારંગતની ડીગ્રી ગણી શકાય.
20. **MA EDUCATION** ની લાયકાતને શૈક્ષણિક કે વ્યવસાયિક બંનેમાંથી કઈ લાયકાત માન્ય ગણી શકાય? **MA EDUCATION** કઈ યુનિવર્સિટીનું માન્ય ગણી શકાય?
    - ✓ MA EDUCATION ની લાયકાતને શૈક્ષણિક લાયકાત તરીકે માન્ય ગણી શકાય. વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ (UGC) દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીની કોલેજમાંથી નિયમોનુસાર મેળવેલ MA EDUCATION ની લાયકાત માન્ય ગણી શકાય.
21. આચાર્યના અનુભવની ગણતરીમાં શિક્ષણ સહાયકનો અનુભવ ધ્યાને લેવો કે નહિ?
    - ✓ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની કલમ ૨૦ (૧)માં જણાવ્યા મુજબનો રજીસ્ટર્ડ ગ્રાન્ટ ઈન એઈડ / સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો / નિરીક્ષણનો અનુભવ ધ્યાને લેવાનો થાય છે.
22. **ઉમેદવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી વ્યાવસાયિક સ્નાતક (B.ED.) કરેલ હોય તો તેમને અરજીપત્રકમાં ગુણ કેવી રીતે ભરવા ?**
    - ✓ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી વ્યાવસાયિક સ્નાતક(B.ED.) કરેલ હોય તો ઉમેદવારે પોતાના ગુણ પત્રકમાંથી સેમેસ્ટર – ૧, સેમેસ્ટર – ૨ અને પ્રેક્ટિકલના કુલ ગુણ અને તેમાંથી મેળવેલા ગુણનો સરવાળો કરી ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાનો રહેશે.**
23. Experience as per 20(1) of viniyam – 1974 અને Experience as Principal કોલમમાં શું દર્શાવવું?
    - ✓ આપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ની જોગવાઇ ૨૦(૧) મુજબ આપનો નિયમિત નિમણૂક બાદથી તા.10/05/2023 સુધીનો શિખવવાનો/નિરીક્ષણનો તમામ અનુભવ Experience as per 20(1) of viniyam – 1974 કોલમમાં દર્શાવવો.
    - ✓ ઉક્ત અનુભવ પૈકી જો આપ આચાર્ય તરીકે અનુભવ ધરાવતા હોય તો આપ આચાર્ય તરીકે અનુભવ Experience as Principal કોલમમાં દર્શાવવો.

24. આદિજાતી વિભાગની ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થામાં નિયમિત નિમણૂક મેળવી ફરજ બજાવતા શિક્ષક/આચાર્યએ DP Code અને Employee No. માં શુ દર્શાવવું ?

- ✓ આદિજાતી વિભાગની ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થામાં નિયમિત નિમણૂક મેળવી ફરજ બજાવતા શિક્ષકો/આચાર્ય જો ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ની જોગવાઇ ૨૦(૧) મુજબ માન્ય અનુભવ ધરાવતા હોય તેવા ઉમેદવારોએ DP Code અને Employee No. માં 0 દર્શાવવાનું રહેશે.